# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૫/૦૬/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

શૈલેષભાઈ પટેલ

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત મહાપુરૂષોની પ્રતિમાની સાફ સફાઈ અને માલ્યાર્પણનો કાર્યક્રમ યોજાયો.**
- **ભા.જ.પા.ના કાર્યકર્તાઓએ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં મહાપુરૂષોની પ્રતિમાની સાફ સફાઈ અને ફુલ હાર કરી રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ નિભાવી.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

તા. ૦૫/૦૬/૨૦૧૮, મંગળવારના રોજ ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા વિવિધ ઝોન વિસ્તારોમાં મહાપુરૂષોની પ્રતિમાની સાફ સફાઈ અને માલ્યાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

શહેરના વરાછા ઝોન અને કરંજ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૪,૫,૧૩,૧૪ના કાર્યકર્તાઓએ મીનીબજાર, વરાછા રોડ સ્થિત સરદાર સાહેબની પ્રતિમાની સાફ સફાઈ કરી ફુલ હાર કર્યા હતા તેમજ વોર્ડ નંબર ૨,૩,૧૫,૧૬ના કાર્યકર્તાઓએ સરથાણા જકાતનાકા, વરાછા, પ્રાણી સંગ્રહાલય પાસે ભારતીય સેનાના ફાઈટર પ્લેનની સાફ સફાઈ કરી પોતાની ફરજ નિભાવી હતી.

શહેરના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧૧માં આવેલ વરીયાવી બજાર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા, વોર્ડ નં. ૧૨માં આવેલ ગોપીતળાવ, કોટસફિલ રોડ સ્થિત મહારાણા પ્રતાપની પ્રતિમા, વોર્ડ નં. ૧૮,૧૯,૨૩,૨૮ના કાર્યકર્તાઓએ માન દરવાજા, રીંગ રોડ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજી પ્રતિમાની સાફ સફાઈ કરી ફુલ હાર કર્યા હતા. વોર્ડ નં. ૨૦ના કાર્યકર્તાઓએ મક્કાઈ પુલ, વિવેકાનંદ બ્રિજ પાસે આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા તેમજ ચોક બજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાની સાફ સફાઈ કરી માલ્યાર્પણ કર્યુ હતું.

શહેરના ઉધના ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૨૭,૨૯ના કાર્યકર્તાઓએ ભેસ્તાન ખાતે આવેલ સરદાર સાહેબની પ્રતિમા તેમજ ભીમ નગર, ઉધના સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાની સાફ સફાઈ કરી માલ્યાર્પણ કર્યુ હતું.

શહેરના કતારગામ ઝોન સમાવિષ્ટ વોર્ડ નં. ૬,૭,૮ના કાર્યકર્તાઓએ સુરત રેલ્વે સ્ટેશન ખાતે આવેલ સરદાર સાહેબની પ્રતિમાની સાફ સફાઈ કરી વંદન કર્યા હતા.

શહેરના લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧૭,૨૫ના કાર્યકર્તાઓએ ગોડાદરા ચાર રસ્તા સ્થિત મહારાણા પ્રતાપની પ્રતિમા તથા વોર્ડ નં. ૨૪,૨૬ના કાર્યકર્તાઓએ લિંબાયત, નિલગીરી સર્કલ ખાતે આવેલ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાની સાફ સફાઈ કરી ફુલ હાર કર્યા હતા.

શહેરના અઠવા ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૨૧ના કાર્યકર્તાઓએ ડુમસ સ્થિત મોરારજી દેસાઈની પ્રતિમાની સાફ સફાઈ કરી માલ્યાર્પણ કર્યુ હતું તથા વોર્ડ નં. ૨૨ના કાર્યકર્તાઓએ ભટાર ચાર રસ્તા સ્થિત રવિશંકર મહારાજની પ્રતિમા અને વિવેકાનંદ ગાર્ડન ખાતે આવેલ સ્વામી વિવેકનંદજીની પ્રતિમાને ફુલ હાર કરી વંદન કર્યા હતા.

શહેરના રાંદેર ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧ના કાર્યકર્તાઓએ મોરા ભાગળ ખાતે આવેલ સુભાષ ગાર્ડન સ્થિત સુભાષચંદ્ર બોઝની પ્રતિમા, વોર્ડ નં. ૯ના કાર્યકર્તાઓએ અડાજણના પરશુરામ ગાર્ડન ખાતે આવેલ ભગવાન પરશુરામજીની પ્રતિમા અને વોર્ડ નં. ૧૦ના કાર્યકર્તાઓએ નવયુગ કોલેજ, રાંદેર રોડ ખાતે આવેલ મોરારજી દેસાઈની પ્રતિમાની સાફ સફાઈ કરી માલ્યાર્પણ કર્યુ હતું.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.



